dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

B++ NAAC Accredited University

VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

October 2010 | For private circulation only | Vol. 02 - Issue 43

Nation has to have ethics in all its tasks, for sustained economic prosperity and peace. If nation is to have ethics; society has to promote ethics and value system. If society is to have ethics and value system, families should adhere to ethics and value system. If families have to get evolved with ethics and value system, parenthood should have inbuilt ethics. Parental ethics come from great learning, value based education and creation of clean environment that leads to righteousness in the heart....It is indeed a tough process, but only tough minded people, defeat the problem and succeed.

- Dr. A. P. J. Abdul Kalam

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

અર્થશાસ્ત્રીઓ તથા રાજયશાસ્ત્ર વિદ્યાના તજજ્ઞો દ્વારા સમગ્ર વિશ્વને બે ભાગમાં વિભાજીત કરવામાં આવે છે. બહુ જ અલ્પ સંખ્યા ધરાવતા વિકસીત દેશો અને બહુ મોટી સંખ્યામાં આવેલા વિકસતા (developing) દેશો. વિકસીત દેશોએ તેમની પેદાશો તથા સેવાઓને વિકસતા દેશોમાં વેચી તેમનું સ્થાન જાળવી હરીફાઈયુકત સ્પર્ધામાં ટકી રહેવા હંમેશા સજ્જ રહેવું પડે છે. બીજી બાજુ, વિકસતા દેશો માટે સ્પર્ધામાં માત્ર ટકી રહેવું જ નહીં, પરંતુ સ્પર્ધામાં આગળ નીકળી વિકસતા રાષ્ટ્રમાંથી ઉપર ઊઠી વિકસીત દેશોની યાદીમાં સ્થાન મેળવવા હરીફાઈયુકત ક્ષમતા હાંસલ કર્યા સિવાય બીજો કોઈ ઉપાય નથી. બન્ને પરિસ્થિતિમાં ચાલકબળ એક જ છે - હરીફાઈયુકત ક્ષમતા (competitiveness). હરીફાઈયુકત ક્ષમતાના મુખ્ય ત્રણ આયામો છે - ગુણવત્તા, ઓછી પડતર અને જયારે બજારને જે જોઈએ ત્યારે તે રીતે પેદાશને બજારમાં રજૂ કરવાની ક્ષમતા. ચાહે દેશ વિકસીત હોય કે વિકાસશીલ, વિકાસનો આ નિયમ સાર્વત્રિક છે. આ જ નિયમ તમામ દેશોની જેમ, તમામ સંસ્થાઓને પણ સમાનરૂપે લાગુ પડે છે. હરીફાઈ ભલે જાહેર ક્ષેત્ર કે ખાનગી ક્ષેત્રની હોય, સેવાકીય ક્ષેત્રની કે ધંધાકીય ક્ષેત્રની, સરકારી કે બિનસરકારી, નફાના ઉદ્દેશવાળી સંસ્થાની હોય કે સખાવતના ઉદ્દેશવાળી હોય, વેપાર-ધંધા-રોજગારવાળી સંસ્થાની હોય કે શિક્ષણ કે કલાના ક્ષેત્રની હોય... તમામ ક્ષેત્રે હરીફાઈયુકત ક્ષમતા એ જ્ઞાનની સદી માટેનો ગુરૂમંત્ર છે.

રાષ્ટ્રનો કે રાજયનો આર્થિક વિકાસ અને સર્જનાત્મક નેતાગીરીને સીધો સંબંધ છે. રાષ્ટ્રના આર્થિક વિકાસનું ચાલકબળ છે હરીફાઈયુકત ક્ષમતા. આજના યુગમાં હરીફાઈક્ષમતા, જ્ઞાનશકિત પર અવલંબિત છે. જ્ઞાનશકિતનો આધાર ટેકનોલોજી અને નવીનીકરણ છે, જે માનવીય તથા પ્રાકૃતિક સંસાધનોમાં રોકાણ પર અવલંબિત છે. રોકાણો પરના વળતરનો આધારસ્તંભ વેચાણ, વોલ્યુમ તથા ગ્રાહકોની વફાદારી પર નિર્ભર છે. પેદાશની ગુણવત્તા, મૂલ્ય તથા ઉત્પાદન તથા વેચાણ સાથે સંકળાયેલા કર્મચારીઓની ઉત્પાદકતા અને નવીનીકરણ પર નિર્ભર છે. આ બાબત કર્મચારીઓના સંતોષ સાથે સીધી રીતે સંકળાયેલી છે. અનેક અભ્યાસોમાંથી સાબિત થયું છે કે કર્મચારીઓને મહત્તમ સંતોષ તેમના કામના વાતાવરણમાંથી મળે છે. કામનું યોગ્ય વાતાવરણ એ મેનેજરીયલ ઈનોવેશન્સ માંથી આકાર પામે છે. સર્જનાત્મક નેતાગીરી એ મેનેજરીયલ ઈનોવેશન્સ માટેની પ્રાથમિક શરત છે. આમ, સર્જનાત્મક નેતાગીરી વિના હરીફાઈયુકત ક્ષમતા પ્રાપ્ત કરવી તે ઘરના અંધારામાં ખોવાયેલ વસ્તુને બહાર સ્ટ્રીટ લાઈટના અજવાળા નીચે શોધવા જેવું છે. તમામ સંસ્થાઓને લાગુ પડતું આ સહજ શાસ્ત્ર છે.

સર્જનાત્મક નેતાગીરી (Creative Leadership) એટલે શું ? તમામ સંસ્થાઓના ઉચ્ચ સ્થાને બિરાજતા, ધંધાના માલિકથી માંડી, સંસ્થાના વડા તથા ઉચ્ચ કક્ષાની સમિતિઓના સભ્યો, અધિકારીઓ તેમના પ્રણાલિકાગત કમાન્ડરની ભૂમિકા બદલી કોચ બને, મેનેજરમાંથી મેન્ટર બને, ડાયરેકટર ને બદલે ડેલીગેટર બને અને સન્માન માટે ઝૂરવાને બદલે આત્મ-સન્માનને પ્રેરણા પૂરું પાડે તે રીતનો બદલાવ તેમના વાણી, વ્યવહાર અને કાર્યથી મૂલ્ય નિષ્ઠા ઉપજાવે તો સર્જનાત્મક નેતાગીરી સહજ પ્રગટે. આપણે આવા સર્જનાત્મક નેતાગીરીના ગુણો ધરાવતા યુવાનો પેદા કરવાનું કામ કરવાનું છે. આપણે જ આપણા રોલ-મોડલ બનવાનું છે.

સમગ્ર બાબતને ગ્રામ્ય અને શહેરીકરણના સંદર્ભે વાતને મૂકીએ તો સમગ્ર વિશ્વમાં શહેરીકરણની દોટ સામાન્ય બાબત બનતી જાય છે. એક અંદાજ મુજબ સમગ્ર એશિયાની કુલ વસ્તીના ૫૪ ટકા વસ્તી વર્ષ ૨૦૨૫ સુધીમાં શહેરોમાં વસ્તી હશે. વર્ષ ૧૯૫૦માં ભારતની કુલ વસ્તીમાં માત્ર ૧૭ ટકા વસ્તી શહેરોમાં વસ્તી હતી, જે વધીને વર્ષ ૨૦૦૫ માં ૨૯ ટકા થઈ છે. વર્ષ ૨૦૨૫ માં આ પ્રમાણ ૨૧.૫ કરોડ આંકને પાર કરશે જે કુલ વસ્તીના ૩૮ ટકા જેટલું પ્રમાણ ધરાવતી હશે. વર્ષ ૨૦૨૫ સુધીમાં શહેરોમાં વસવાટ ધરાવતા ઘરોની સંખ્યા ૮.૯ કરોડ હશે. આ માટે શહેરોમાં વાર્ષિક ૭૦૦ થી ૯૦૦ મિલીયન સ્કવેર મીટરના બાંધકામો દર વર્ષે કરવા પડશે. આ વસ્તીને સુવિધાઓ પૂરી પાડવા વાર્ષિક ૩૫૦ થી

૪૦૦ કિલોમીટરના શહેરી રસ્તાઓ, મેટ્રો સબવે બનાવવા પડશે. વર્ષ ૨૦૨૫ સુધીમાં અર્બન વર્કરની સંખ્યા ૧૭૦ મિલિયન હશે. શહેરીકરણની જરૂરિયાતોને પહોંચી વળવા માટે વાહન વ્યવહાર, માહિતી સંચાર, આરોગ્ય, રહેઠાણ, મનોરંજન તથા શિક્ષણના ક્ષેત્રે મોટા પાયા પર આયોજનો હાથ ધરવા માટે આજે સર્જનાત્મક નેતાગીરીયુકત કાર્યકરોની મોટી ફોજ તૈયાર કરવાના કામે લાગી પડવાની તાતી જરૂરિયાત છે. વર્ષ ૨૦૨૫ સુધીમાં, પંચાવન વર્ષથી વધુ ઉંમરની વ્યકિતઓ કુલ વસ્તીના માત્ર ૧૬ ટકા જ હશે અને લગભગ તેટલા જ પ્રમાણમાં બાળકો. પ્રત્યક્ષ ઉત્પાદનમાં ફાળો આપી શકે તેવી યુવાનોની જન સંખ્યા સમગ્ર વિશ્વમાં સૌથી વધારે ભારતમાં હશે. આપણે આ જન સંખ્યાને પોપ્યુલેશન પ્રોબ્લેમમાંથી હયુમન રીસોર્સમાં તબદીલ કરવા માટે સર્જનાત્મક નેતાગીરી સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી.

આપણા પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામના ઈન્ડિયા વિઝન - ૨૦૨૦ના સંદર્ભે આપણા રાજયનું સ્વપ્ન, માનચિત્ર (Vision)ની કલ્પના કરીએ : સ્વર્ણિમ ગુજરાતનું સ્વપ્ન એટલે : એવું રાજય જયાં શહેરો અને ગામડાઓ વચ્ચેની ભેદરેખા ભૂંસાઈ ગઈ હોય; જેમાં વીજળી અને ગુણવત્તાયુકત પાણીનું વિતરણ તથા પ્રાપ્તિ સૌને સમાન રીતે થતી હોય; જયાં ખેતીવાડી, ઉદ્યોગો અને સેવાકીય ક્ષેત્રો સંપૂર્ણ પણે સંતુલિત રીતે વિકસતા હોય; જેમાં શિક્ષણ વ્યવસ્થા મૂલ્યો પર આધારિત હોય; અને કોઈ શિક્ષણથી વંચિત ન રહેતું હોય: એવું રાજય જયાં શિક્ષણવિદો, વૈજ્ઞાનિકો અને સંશોધકોની પસંદગીનું પ્રથમ સ્થાન હોય; જયાં સૌને ઉત્તમ પ્રકારની આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ હોય; જયાં રાજય કારભાર પારદર્શક, ગતિશીલ તથા નૈતિક હોય; એવું રાજય જયાં ગરીબાઈનું સંપૂર્ણ રીતે નિવારણ થતું હોય; નિરક્ષરતા નાબૂદ થઈ હોય; ગુનાખોરીની ગેરહાજરી હોય તથા સમાજમાં કોઈને પણ પરપ્રાંતિ હોવાનો અહેસાસ ન થતો હોય; એવું રાજય કે જે સલામત હોય; આતંકવાદના ભયથી મુકત હોય; શાન્તિમય હોય; સુખી હોય; સમૃધ્ધ હોય તથા ચિરંજીવી વિકાસના પથ પર ઝડપથી પ્રગતિ કરતું હોય અને છેલ્લે, એવું રાજય કે જે વિશ્વનું સુંદર રહેવા માટેનું સ્થળ હોય અને તેની નેતાગીરી પર મુસ્તાક હોય. આવા રાજયની કલ્પના, ગુણવંતી ગુજરાતના આપણે સૌ નહીં સેવીએ તો અન્ય કોણ કલ્પી શકશે ?

આવી સુંદર કલ્પનાને સાકાર કરવા માટે શ્રી કલામ સાહેબે આપણને PURA (Provision of Urban Amenities in Rural Areas) નો વિચાર આપ્યો છે. આ મોડલ પ્રમાણે ત્રણ પ્રકારના સેતુબંધ રચવાની વાત તેઓ કરે છે. પ્રથમ સેતુબંધ છે - ફિઝીકલ કનેકટીવીટી. જેમાં રોડ, રેલ્વે, શાળા, કોલેજો, હોસ્પિટલો તથા અન્ય સેવાઓને એક બીજા સાથે સાંકળવી. માત્ર સવલતોને સાંકળવાથી નહીં ચાલે, તેનો મહત્તમ ફાયદો મેળવવા માટે બીજો સેતુબંધ - ઈલેકટ્રોનીક કનેકટીવીટીનો કરવો પડશે. જેથી ખેતીવાડી, ઉદ્યોગો, સેવાઓ, શિક્ષણ, તાલીમ, સંશોધન વગેરેને આધુનિક ઉપકરણોથી જોડી તેમની પારસ્પરિક ક્ષમતામાં અનેક ગણો, ગુણાત્મક ફેરફાર લાવી શકાશે. જયારે ભૌતિક તથા ઈલેકટ્રોનીક સેતુબંધો રચાશે, ત્યારબાદ ઉત્પાદકતામાં ગુણાત્મક વધારો સિધ્ધ કરી, વૈશ્વિક હરીફાઈમાં ટકી રહેવાની ક્ષમતા આપણે પડતર ક્ષમતા તથા ગુણવત્તા ક્ષમતા થકી મેળવી શકીશું. શ્રી કલામ સાહેબ આ બાબતને નોલેજ કનેકટીવીટી કહે છે આપણા રાજયે જ્ઞાન આધારિત અર્થતંત્ર બનાવવા માટે આ દિશામાં પ્રયત્નો, પ્રગતિશીલ દ્રષ્ટિવંત નેતાગીરીને લીધે હાથ પર લીધા છે તે સુખદ સૂચક છે. ત્રણ પ્રકારના સેતુબંધોથી નહીં ચાલે, આ માટેનો પ્રાણ એ ઉદ્યોગ સાહસિકના ગુણોના વિકાસનો છે. ગુજરાતીઓને આ બાબત ગળથૂથીમાં અપાય છે તેની ચિંતા કરવાની ઝાઝી જરૂર નથી.

એકવીસમી જ્ઞાનની સદીને અનુરૂપ શ્રી અબ્દુલ કલામે દર્શાવેલ દસ પ્રકારના ફેરફારોને આત્મસાત કરવા પ્રયત્નશીલ બનીએ.

1. Yesterday, Natural resources defined power. Today - Knowledge is power. **Institutions will be the powerhouse for knowledge.**

2. Yesterday, Hirerarchy was the model. Today- Synergy is the mandate. **Institutions will be the enable of inter section of multiple faculties towards mission goals.**

3. Yesterday, leaders commanded and controlled. Today - leaders empower and coach. **Potential Leaders will be empowered through exposure to the needs of sustainable development.**

4. Yesterday, Shareholders came first. Today - Customers come first. **Education should inculcate sensitivity to customer needs.**

5. Yesterday, employees took order. Today - teams make decision. **Institutions can inject team spirit.**

6. Yesterday, Seniority signified status. Today - creativity drive status. **Institutions is the breeding environment for creativity.**

7. Yesterday, Production determined availability. Today - Competitiveness is the key. **Competitiveness is powered by research and university has to have the motto of teaching - research - teaching.**

8. Yesterday, Value was extra. Today - Value is everything. **Value based education has to be introduced as a part of the curriculum, at least for one hour every week.**

9. Yesterday, everyone was a competitor, Today, everyone is customer, **During education, industrial and entrepreneurship training is essential.**

10. Yesterday, Profits were earned through expediency. Today - work with integrity and succeed with integrity. **Home, organisations and educational places should become learning places.**

૧૫ ઓકટોબર, ૨૦૧૦

બી.એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ


## નર્મદ જન્મ જયંતી



યુગ દ્રષ્ટા વીર નર્મદની ૧૭૭મી જન્મ જયંતી પ્રસંગે 'કવિ નર્મદની ઈતિહાસ દ્રષ્ટિ' વિષય પર ડૉ. કુમારપાળ દેસાઈએ વ્યાખ્યાન આપ્યું હતું. આ પ્રસંગે કુલપતિ શ્રી પ્રોફે. બી. એ. પ્રજાપતિ અને યુનિવર્સિટી પરિવાર ઉપસ્થિત રહયા હતા.



## વાંચે ગુજરાત





- 'વાંચે ગુજરાત' અંતર્ગત રાષ્ટ્રપિતાની જન્મ જયંતી પ્રસંગે યુનિવર્સિટી ગ્રંથાલયમાં ગાંધીજીના ૨૩ અલભ્ય ફોટાઓ, ૭૦૦ ઉપરાંત ગ્રંથો અને ૧૪ ફિલ્મરીલનું પ્રદર્શન સૌપ્રથમ વાર ગોઠવવામાં આવ્યું હતું. અલભ્ય ફોટાઓનું પ્રદર્શન સમગ્ર વર્ષ દરમ્યાન ચાલશે.
- 'વાંચે ગુજરાત' અંતર્ગત ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના 'લિસા' દ્વારા વિદ્યાર્થીઓને વાંચે ગુજરાત અભિયાનના સહ ઉપાધ્યક્ષ શ્રી હર્ષદભાઈ શાહના વરદ હસ્તે વિદ્યાર્થીઓને પુસ્તકો અર્પણ કરવાનો કાર્યક્રમ તા. ૫-૧૦-૨૦૧૦ના રોજ યુનિવર્સિટી





ગ્રંથાલયમાં સંપન્ન થયો. ગ્રંથાલયશાસ્ત્રના ૮૦ વિદ્યાર્થીઓને રૂ. ૨,૩૫૦ના કુલ ૧૬૦ પુસ્તકો અર્પણ કરવામાં આવ્યા. આ પ્રસંગે શ્રી હર્ષદભાઈ શાહે પ્રેરણાપ્રદ વકતવ્યમાં આશિષ આપતાં જણાવ્યું કે, તમે બધા ભવિષ્યના ગ્રંથપાલો છો એટલે વાંચન કરવું રહયું. ગ્રંથપાલ વાંચશે તો જ સમાજ વાંચશે. કાર્યક્રમનું આયોજન લિસાના પ્રમુખ શ્રી શૈલેષ પટેલ અને કુમારી પારૂલ પટેલે કર્યું હતું. આ પ્રસંગે મદદનીશ ગ્રંથપાલ શ્રી બી.જે. અંકુયાએ શ્રી હર્ષદભાઈ શાહને ૨ પુસ્તકો અર્પણ કરીને અભિવાદન કર્યું હતું.
- તા. ૧૬-૧૦-૨૦૧૦ના રોજ બેચલર ઓફ લાઈબ્રેરી એન્ડ ઈન્ફર્મેશન સાયન્સના વિદ્યાર્થીઓને વાંચે ગુજરાત અંતર્ગત ગ્રંથાલયશાસ્ત્રના કુલ ૧૯ પુસ્તકો શ્રી બી.જે. અંકુયા તરફથી ભેટ આપવામાં આવ્યા હતા.
- લોક ભારતી વિદ્યાલય સુરતના વિદ્યાર્થીઓએ તા. ૨૨-૧૦-૨૦૧૦ના રોજ વાંચે ગુજરાત અંતર્ગત યુનિવર્સિટી ગ્રંથાલયની મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ગ્રંથાલયની વાંચન સામગ્રી અને સેવાઓનો પરિચય શ્રી એફ.એન. વસાવાએ આપ્યો હતો.

## Workshop



A Workshop on "Enterprise Web Application development with JSF" was organized by M.Sc. (I.T.) / (I.C.T.) Programme, Veer Narmad South Gujarat University on 5th September 2010 for various south gujarat region computer science college faculties and IT professionals.

The aim of the workshop was to provide an in-depth understanding and knowledge of Enterprise Web Application Development with JSF and implementing MVC design patterns in web applications.

Dr. Naren Burade, propriter of Varee Infotech, Surat was the Chief Guest of the event and given the motivational speech. The workshop was conducted by "Mr. Kamlendukumar Pandey, Assistant Professor, M.Sc.(I.T.) Programme and Mr. Dikshit Patel, Head of New Technology Intitiative Group, Finlogic Tech India Pvt. Ltd. There was hands-on lab sessions for all the topics. Total number of participants were 70, including facuclites and many IT professionals from south gujarat region.

The participants benefited a lot due to this workshop, as they were exposed to advance features of JSF. Dr. S V Patel, convener of the event and Mr. Pushpal Desai, Course Co-ordinator given the best wishes for the workshop and the event was coordinated by Tejas Shah, Payal Pandya and Veena Jokhakar.

## NET

યુનિવર્સિટીના તુલનાત્મક સાહિત્ય વિભાગ હેઠળ ચાલતા હિન્દી અનુસ્નાતક કેન્દ્રના વિદ્યાર્થી રાજેશ છગનભાઈ વસાવાએ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનની હિન્દી વિષયની નેટ પરીક્ષા જૂન-૨૦૦૯માં પાસ કરી છે.

## રાષ્ટ્રીય સેવા યોજના અને રાજય ઈતિહાસ પરિષદ





સ્વર્ણિમ ગુજરાતની ઊજવણીના ભાગ રૂપે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ દ્વારા ગુજરાત રાજય શિક્ષણ ખાતા અને રાષ્ટ્રીય સેવા યોજના પ્રાદેશિક કચેરી, અમદાવાદ પ્રેરિત સને ૨૦૧૦ રાષ્ટ્રીય સેવા યોજના દિનની ઊજવણી કાર્યક્રમનું આયોજન તા. ૧૫/૧૬ ઓકટોબર-૨૦૧૦ દરમ્યાન યુનિવર્સિટી પરિસર ખાતે યોજવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત રાજયની રાષ્ટ્રીય સેવા યોજના સાથે સંકળાયેલ યુનિવર્સિટી, કોલેજ તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકો માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ-૧૩ યુનિવર્સિટીઓ અને ૦૮ જીલ્લાઓના સ્વયંસેવકો, ટીમ મેનેજરશ્રીઓ, યુનિવર્સિટીના પ્રોગ્રામ ઓફિસરશ્રીઓ કોલેજના આચાર્યશ્રીઓ મળી કુલ આશરે ૪૦૦ વ્યકિતઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિવિધ સ્પર્ધાઓમાં નિબંધ, એકપાત્રિય અભિનય, કવીઝ, સમૂહગીત, દેશભકિત ગીત અને વકતૃત્વ સ્પર્ધા ખૂબ જ સફળતાપૂર્વક યુનિવર્સિટી સ્તરે અને માધ્યમિક સ્તરે આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય, તૃતીય ક્રમે વિજેતા સ્પર્ધકોને પારિતોષિક રોકડમાં અનુક્રમે રૂપિયા ૧,૦૦૦/-, ૭૦૦/-, ૫,૦૦૦/- અને ૩,૦૦૦/- એનાયત કરવામાં આવ્યાં હતા.





આ કાર્યક્રમ સાથે રાજય ઈતિહાસ પરિષદ - મહોત્સવનું આયોજન યુનિવર્સિટી કેમ્પસ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં રાજયની કુલ ૧૦ યુનિવર્સિટીઓના આશરે ૧૨૦ વિદ્યાર્થીઓ/વિદ્યાર્થિનીઓ, ટીમ મેનેજરો તેમજ સંગીત કાર્યક્રમ માટે સાથ આપનારે ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં નિબંધ, દેશભકિત ગીત, કવીઝ, વકતૃત્વ અને ચિત્રકલા જેવી સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. વિવિધ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય, તૃતીય ક્રમે વિજેતા સ્પર્ધકોને પારિતોષિક રોકડમાં અનુક્રમે રૂપિયા ૭,૦૦૦/-, ૫,૦૦૦/- અને ૩,૦૦૦/- એનાયત કરવામાં આવ્યા હતા.

આ મહોત્સવનું ઉદ્‌ઘાટન ડૉ.. શશીરંજન યાદવ, (કુલપતિશ્રી, કે.એસ.કે.યુનિવર્સિટી)ના વરદ્ હસ્તે થયું. ઉદ્‌ઘાટન સમારંભનું અધ્યક્ષસ્થાન કુલપતિશ્રી ડૉ..બી.એ.પ્રજાપતિએ શોભાવ્યું હતું.

કુલસચિવશ્રી જે. આર. મહેતાએ સૌને શાબ્દિક આવકાર આપ્યો હતો. ડૉ.. એ. એન. માલવિયાએ (પ્રો. કો.ઓ.એન.એસ.એસ., વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી) કાર્યક્રમની રૂપરેખા આપી હતી. સમારંભના અતિથિ વિશેષ શ્રી એમ. એસ. જાંબુલે (આસિ. પ્રો.એ.રા.સે.યો.પ્રાદેશિક કચેરી, અમદાવાદ) રા.સે.યો.ના રાષ્ટ્રીય કક્ષાની માહિતી આપી હતી.

સમારંભના ઉદ્‌ઘાટક શ્રી ડૉ.. શશીરંજન યાદવે આટલા મોટા કાર્યક્રમના સફળ આયોજન માટે શુભેચ્છા પાઠવી ઈતિહાસના અમરપાત્રોની યાદ તાજી કરી ગાંધીજી તથા ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિશ્રી એ.પી.જે. અબ્દુલકલામના વિચારોને વાગોળી એકવીસમી સદીના સ્પર્ધાત્મક યુગમાં કૌશલ્યથી શિક્ષણની કેટલી અનિવાર્યતા છે એની ઉદાહરણ સહિત સમજ આપી હતી.

સમારંભના અધ્યક્ષશ્રી કુલપતિશ્રી ડૉ. બી. એ. પ્રજાપતિએ યુવાનોમાં પડેલી વિવિધ શકિતને આવા કાર્યક્રમોના માધ્યમથી ઉજાગર કરી શકાય છે, એમ જણાવી શાળા - મહાશાળામાં શિક્ષણ મેળવનાર વિદ્યાર્થીઓએ શિક્ષણની સાથે સાથે સમાજસેવા અને રાષ્ટ્રનિર્માણના વિચારોને જીવનમાં ઉતારી પોતાનામાં રહેલ પ્રતિભાને કઈ રીતે વધુ ઉજાગર કરી શકાય છે તેનો વિસ્તૃત ખ્યાલ આપ્યો હતો.

તા. ૧૬/૧૦/૨૦૧૦ના રોજ સવારે ૮:૦૦ કલાકે સ્વયંસેવકો દ્વારા 'વાંચે ગુજરાત' કાર્યક્રમ અન્વયે ગ્રંથરેલી સુરત સ્થિત સાયન્સ સેન્ટરથી યુનિવર્સિટી પરિસર સુધી શિસ્તબધ્ધ રીતે યોજવામાં આવી હતી. જેમાં કુલપતિશ્રી, કુલસચિવશ્રી, સિન્ડિકેટ સભ્યશ્રીઓ, સુરત શહેરની તમામ કોલેજના આચાર્યશ્રીઓ, શિક્ષકો અને અન્ય મહેમાનો જોડાયા હતા. આ ભવ્ય રેલીના આયોજનમાં ઓલપાડ કોલેજના એન.સી.સી.ના કેડેટો બેન્ડ સાથે સ્થાનિક કોલેજના સ્વયંસેવકો, ૫૦ જેટલી મોટર સાયકલ અને અન્ય વાહનો પર સુશોભન કરી એન.એસ.એસ.ના સૂત્રો સાથે આશરે ૩ કિલોમીટરની રેલી કાઢવામાં આવી હતી. જેમાં ૬૦૦ થી ૭૦૦ વ્યકિતઓએ ઉમંગભેર ભાગ લીધો.





બે દિવસ માટે યોજવામાં આવેલ આ કાર્યક્રમ માટેનો પૂર્ણાહૂતિ/ઈનામ વિતરણ સમારંભ કુલપતિશ્રી ડૉ. બી.એ.પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો. સિન્ડીકેટ સભ્યશ્રી ડૉ. ઘનશ્યામભાઈ રાવલ, ડૉ. મોહિનીબેન ગઢીયા, પ્રિ. ડૉ. યુ.ટી.દેસાઈ, પ્રિ. ડૉ. કિરીટસિંહ વાંસદિયા તેમજ વિવિધ કોલેજના આચાર્યશ્રીઓ અને યુનિવર્સિટીના જુદા જુદા ભવનોના અધ્યક્ષશ્રીઓએ આ પ્રસંગે ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી.

સ્વયંસેવકો, ટીમ મેનેજર અને પ્રો.કો.ઓ.શ્રીઓએ પોતાના પ્રતિભાવ રજુ કર્યા હતા. શ્રી એમ. એસ. જાંબુલેએ સફળ આયોજન બદલ સંતોષ અને આભાર વ્યકત કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમમાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના પ્રતિનિધિ શ્રી બેચરભાઈ પટેલ અને પ્રાદેશિક કચેરી અમદાવાદના પ્રતિનિધિઓ, શ્રી ઉપાધ્યાય, સુશ્રી રીટાબેન અને અન્ય સભ્યોએ હાજરી આપી હતી.





આ પ્રસંગે ડૉ. એ. એન. માલવિયાએ બે દિવસની પ્રવૃત્તિનો વિસ્તૃત

ખ્યાલ આપ્યો હતો. આસી. પ્રોગ્રામ એડવાઈઝરશ્રી એમ. એસ. જાંબુલેએ આ મહોત્સવનું સફળ આયોજન કરવા બદલ યુનિવર્સિટી પ્રત્યે આભાર અને આનંદની લાગણી વ્યકત કરી એન.એસ.એસ.ના રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમોના આયોજન માટે આગળ આવવા વિનંતી કરી હતી.

સમારંભના મુખ્ય મહેમાનશ્રી હર્ષદભાઈ શાહે રાષ્ટ્ર ઉત્થાન અને રાષ્ટ્રનિર્માણમાં યુવાનોની ભૂમિકા વિશે વિસ્તૃત વાંચન ચર્ચા કરી ઋષિમુનીઓના સમયથી ભારતે વિવિધક્ષેત્રે કરેલા સંશોધનોની જાણકારી આપી વિસ્તૃત વાંચન દ્વારા યુવાનો પોતાના વ્યકિતત્વને કઈ રીતે વિકસાવી શકે છે તેની સમજ આપી હતી.




પૂર્ણાહૂતિ સમારંભના પ્રમુખ કુલપતિશ્રી ડૉ.બી.એ.પ્રજાપતિએ અખંડભારત, મહાભારત, દિવ્યભારત, અને સર્જન માટે યુવાશકિત કઈ રીતે ઉપકારક બની શકે તેનો ખ્યાલ આપી સમગ્ર કાર્યક્રમના સફળ સંચાલન માટે ટીમના સર્વે સભ્યો તથા ભાગ લેનાર વિવિધ યુનિવર્સિટીના તથા શાળાની ટીમો પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી ભાવી પ્રગતિ માટે શુભેચ્છા પાઠવી હતી.

કાર્યક્રમને અંતે કુલસચિવશ્રી જે. આર મહેતાએ આભારવિધિ પૂર્ણ કરી હતી. પૂર્ણાહૂતિ સમારંભ દરમ્યાન વિવિધ યુનિવર્સિટી તથા શાળાના વિજેતા સ્પર્ધકોને ઉપસ્થિત મહેમાનોના શુભ હસ્તે ઈનામો તથા રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા હતા.

રાષ્ટ્રીય સેવા યોજના કાર્યક્રમ માટે યુનિવર્સિટી કક્ષાએ આયોજીત સ્પર્ધામાં ૧૩ યુનિવર્સિટીની ટીમોએ ભાગ લીધો હતો.

નીચે જણાવેલ વિષયો પર સ્પર્ધકોએ પુરસ્કાર મેળવ્યા હતા.

વકતૃત્વ સ્પર્ધા :(૧) સ્ત્રી સશકિતકરણ અને ગુજરાત. (૨) લોક ભાગીદારી અને ગુજરાતનો ઉત્કર્ષ. (૩) વિશ્વના ફલક પર ગુજરાતીઓ અને તેમનું પ્રદાન.

(૧) વકતૃત્વ : પ્રથમ - Ansari Mohammed Ikram (Hemchandracharya North Gujarat University, Patan.) દ્વિતિય - Kansara Palakh H. (Veer Narmad South Gujarat University, Surat.) તૃતિય - Borsaniya Nidhi T. (Gujarat Ayurvedic University, Jamnagar.)




નિબંધના વિષયો : (૧) ગુજરાતની સ્વર્ણિમ ઉપલબ્ધિઓ : ૧૯૬૦ થી ૨૦૧૦. (૨) ગુજરાતની અસ્મિતાની આવતીકાલ અને યુવા શકિત. (૩) ઈતિહાસમાં ગુજરાત.

(૨) નિબંધ : દ્વિતીય - Goyani Shradhha Himmatbhai (N.C.Gandhi Mahila College, Bhavnagar. S.N.D.T. University, Bhavnagar., તૃતિય - Nagar Jagdish J. (Shri Bhikabhai Arts College, Anand, S.P.University, Vallabh Vidya Nagar, Anand.)

(૩) સમૂહ ગીત : પ્રથમ - M.S. University, Baroda. દ્વિતિય - (1) Gujarat Ayurved University, Jamnagar. (2) S.N.D.T. University, Bhavnagar. તૃતિય - (1) Veer Narmad South Gujarat University, Surat. (2) Saurashtra University, Rajkot.

(૪) એકપાત્રીય અભિનય : પ્રથમ - Munjani Kinjal R. (N.C.Gandhi Mahila College, S.N.D.T. University, Bhavnagar) દ્વિતિય - Bosania Nidhi (Ayurved University, Bhavnagar) તૃતિય - (1) Sindhal Harishchandra (Gujarat University, Ahmedabad) (2) Patel Bhavika J. (Hemchandracharya North Gujarat University, Patan)

(૫) દેશભકિત ગીત : પ્રથમ - Mansi P. Bhatt (S.B. Garda College, Navsari, Veer Narmad South Gujarat University, Surat.) દ્વિતિય - Hiragar Yogesh P. (Anand Commerce College, Anand. S. P. University, Vallabh Vidya Nagar, Anand) તૃતિય - Mankand Ankita Kiritbhai (N.C.Gandhi Mahila College, S.N.D.T. University, Bhavnagar)




(૬) ક્વિઝ : પ્રથમ - (1) Ghanshyam Suthar, (2) Modi Sanny (Veer Narmad South Gujarat University, Surat) દ્વિતિય - (1) Kasundra Arjun K., (2) Pal Ankit J. (Agricultural University Anand.) તૃતિય - (1) Vaja Chintan T., (2) Parmar Kusum H. (Gujarat Ayurvedic University, Jamnanagar)

શાળા કક્ષાએ આયોજીત સ્પર્ધાઓમાં ૦૮ જિલ્લાઓની વિવિધ શાળાના સ્પર્ધકોએ ભાગ લીધો હતો.




નીચે જણાવેલ વિષયો પર સ્પર્ધકોએ પુરસ્કાર મેળવ્યા હતા.

વકતૃત્વ :(૧) સ્ત્રી સશકિતકરણ અને ગુજરાત. (૨) લોક ભાગીદારી અને ગુજરાતનો ઉત્કર્ષ. (૩) વિશ્વના ફલક પર ગુજરાતીઓ અને તેમનું પ્રદાન.

(૧) વકતૃત્વ : પ્રથમ - Shah Supal P. (R. J. J. High School Navsari) દ્વિતિય - Vyas Bansari D. (V. J. S. Kanya Vidyalaya, Dhoraji.) તૃતિય - Mali Sarika J. (Bhaginisamaj High School, Udvada, Valsad.)

નિબંધના વિષયો : (૧) ગુજરાતની સ્વર્ણિમ ઉપલબ્ધિઓ : ૧૯૬૦ થી ૨૦૧૦. (૨) ગુજરાતની અસ્મિતાની આવતીકાલ અને યુવા શકિત. (૩) ઈતિહાસમાં ગુજરાત.

(૨) નિબંધ : પ્રથમ - Soni Heena Ghanshyambhai (Bhaginisamaj High School, Udvada, Valsad.) દ્વિતીય - Patel

Rutul Mohanbhai (R.J.J. High School, Navsari)

(૩) સમૂહ ગીત : પ્રથમ - R.J.J. High School, Navsari દ્વિતિય - S. J. Jani High School, Ambarni, Rajkot. તૃતિય - Navdurga School, Rajpipla, Narmada.

(૪) એકપાત્રીય અભિનય : પ્રથમ - Bodawala Riya (R.J.J. High School, Navsari)

(૫) દેશભકિત ગીત : પ્રથમ - Dhara Kalpeshbhai Naik (R.J.J. High School, Navsari) દ્વિતિય - Jainab Moijbhai Vaijlani (M.S.S.M.G. High School, Vankaner, Rajkot.) તૃતિય - Modhvadiya Yutiben Sajan (Sri. Baluba Kanya Vidyalaya, Porbandar.)

(૬) ક્વિઝ : પ્રથમ - (1) Parikh Dharav S. (2) Bodawala Riya (R.J.J. High School, Navsari.) દ્વિતિય - (1) Sing Amit (2) Rajput Rohan (S.V.E.M. Ankleshwar, Bharuch.) તૃતિય - (1) Vaja Divya R., (2) Ojha Bhakti C. (Kadvibhai Virani Kanya Vidyalaya, Rajkot.)

રાજય ઈતિહાસ પરિષદ અંતર્ગત યુનિવર્સિટી કક્ષાની વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. આ સ્પર્ધાઓમાં ૧૦ યુનિવર્સિટીના સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

નીચે જણાવેલ વિષયો પર સ્પર્ધકોએ પુરસ્કાર મેળવ્યા હતા.

વકતૃત્વ સ્પર્ધા :(૧) ગુજરાતના ગૌરવ માટે ગુજરાતીઓનું કર્તવ્ય. (૨) આ મારૂ ગુજરાત.

(૧) વકતૃત્વ : પ્રથમ - Chopda Gopal B. (N.M.College of Agricultural, Navsari, Navsari Agricultural University, Navsari) દ્વિતિય - Joshi Pooja P. (Hemchandracharya North Gujarat University, Patan. તૃતિય - Amritiya Komal K. (Kachchh University.)

નિબંધના વિષયો : (૧) ૧૯૬૦ થી ૨૦૧૦ સુધીની ગુજરાતની વિકાસયાત્રા.

(૨) નિબંધ : પ્રથમ - Bhatia Rameshbhai Paragbhai (G. D. Modi College of Arts, Palanpur, Hemchandracharya North Gujarat University, Patan) દ્વિતીય - Kheni Ashish Sureshbhai (N.M.College of Agricultural, Navsari) તૃતીય - Soneji Deepa T. (Gurukul Mahila College, Porbandar, Saurashtra University, Rajkot.)

ચિત્રકલા : (૧) ગુજરાતના સ્વાતંત્ર્ય સેનાનીઓના (સ્થાનિક) ચિત્ર નિર્માણ.

(૩) ચિત્ર : પ્રથમ - Tendel Parimal C. (J.P.Shroff Arts College, Valsad. V.N.S.G.University, Surat.) દ્વિતિય - Joshi Dhruv J. (Navsari Agricultural College, Navsari) તૃતિય - Mevada Mital B. (Hemchandracharya North Gujarat University, Patan.)

(૪) દેશભકિત ગીત : પ્રથમ - Dashputre Nidhi (Sikshan Bharti College of Education, Bharthana. V.N.S.G.University, Surat.) દ્વિતિય - Shah Hiral Rajnikant (D.D.Law College, Navsari. V.N.S.G.University. Surat.) તૃતિય - Joshi Dharmesh Parsottambhai (C.P. College of Agricultural, Dantiwada. Dantiwada Agricultural University.)

(૫) ક્વિઝ : પ્રથમ - (1) Patel Ajitkumar R., (2) Patel Abhaykumar (Gujarat University, Ahmedabad.) દ્વિતિય - (1) Sorathia Kalpesh, (2) Parmar Ramesh (Agricultural University, Dantiwada.) તૃતિય - (1) Joshi Parth (2) Parmar Ramesh (Agricultural Universtiy, Anand.)

કાર્યક્રમના સફળ આયોજનમાં કુલપતિશ્રી ડૉ. બી.એ.પ્રજાપતિ અને કુલસચિવશ્રી જે. આર. મહેતાનું સતત પ્રેરણાભર્યુ માર્ગદર્શન મળ્યું હતું. આ ઉપરાંત મદદનીશ કુલસચિવશ્રી હિતેષભાઈ વાઘેલા, પ્રિ. ડૉ.હેમાલીબેન દેસાઈ, પ્રિ. ડૉ. એસ. વાય. ખરચાસિયા, ડૉ. એન. બી. પટેલ, ડૉ. ગૌરાંગ રામી, પ્રા. એસ.ડી.ભાવસાર, પ્રા. બી. બી. ભંડારી, પ્રા. મયંક શાહ, ડૉ. આઈ. બી. પટેલ, ડૉ. કે.સી.પટેલ, ડૉ. આર. ડી. પટેલ, પ્રા.ચિરાગ દેસાઈ, ડૉ. અમિતા ટંડેલ, પ્રા. વિનોદભાઈ પટેલ, પ્રા. મુકેશ વસાવા, શ્રી કે.કે. સુરતી અને સાથી સહાયકો, પ્રા. તરૂલતા છોવાલા અને જીગીના ઉપાધ્યાયે સેવા પુરી પાડી હતી.

# કોલેજ ન્યૂઝ

## સ્વર્ણિમ ગુજરાત

સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીના ભાગરૂપે આંતર કોલેજ શીઘ્ર ચિત્રકલા સ્પર્ધાનું સાર્વજનિક એજયુકેશન સોસાયટીના ભૂતપૂર્વ ચેરમેન શ્રી દિનકરરાય સી. નાયકના શુભ હસ્તે ઉદ્દઘાટ્ન કરવામાં આવ્યું હતું. એમણે સૌ સ્પર્ધકોને શુભેચ્છા પાઠવી હતી. અને આર્ટ અને હાર્ટ વચ્ચેના સંબંધની અનોખી વ્યાખ્યા આપી હતી. વધુમાં આચાર્યશ્રીને તથા કોલેજને આવું સુંદર આયોજન કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. આચાર્યશ્રી ડૉ. યુ.ટી. દેસાઈએ મુખ્ય મહેમાન શ્રી દિનકરરાય નાયક તથા અન્ય મહેમાનો તથા સૌ સ્પર્ધકોને ભાવભીનો આવકાર આપ્યો હતો. આ સ્પર્ધામાં કુલ ૧૨૫ સ્પર્ધકોએ ભાગ લીધો. સ્પર્ધાના નિર્ણાયક તરીકે સ્કેટ એન્જીનીયરીંગ કોલેજના પ્રા. ગજેન્દ્રભાઈ મજઠીયા તથા શ્રી ભીખુભાઈ ગોહીલે સેવા આપી હતી. આ સ્પર્ધાનું ઈનામ વિતરણ આચાર્યશ્રી ડૉ. યુ.ટી. દેસાઈ સાહેબના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના પરિણામો : (૧) આંતરા કોલેજ વિભાગ : પ્રથમ - શ્રી અભિનંવ કેળાવાલા (સ્કેટ એન્જીનીયરીંગ કોલેજ, સુરત), બીજુ - શ્રી શ્યામ વી. હળપતિ (સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરત), ત્રીજુ - શ્રી શૈલેષ એચ. પટેલ (એમ.આર. ડી. કોલેજ, ચીખલી), આશ્વાસન ઈનામ : શ્રી શૈલેષ એચ. પટેલ (અખંડ આનંદ કોલેજ, સુરત), શ્રી લલિત એચ. ઠાકુર (રોફેલ કોલેજ, વેસુ) (૨) આંતર ફાઈન આર્ટસ કોલેજ વિભાગ : પ્રથમ - શ્રી અમિતકુમાર બી. મિસ્ત્રી (કે.એમ. કોલેજ, ભરૂચ), બીજુ - શ્રી રજનીકાંત સી. વાલ્વી (પ્રિયદર્શની કોલેજ, માંડવી), ત્રીજુ - શ્રી કૃશમલ આર. કુલવાલા (વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત), આશ્વાસન ઈનામ : કુ. પાયલ માલવિયા (આઈ.આઈ. એફ. ટી. કોલેજ, સુરત), શ્રી ધાર્મી પટેલ (નારગોલ કોલેજ, નારગોલ) (૩) સર કે.પી, કોલેજ ઓફ કોમર્સ વિભાગ : પ્રથમ - શ્રી શ્યામ વી. હળપતિ, બીજુ - કુ. નેન્સી વી.ઢબુવાલા, ત્રીજુ - શ્રી વિવેક બી. પારસીયા, આશ્વાસન - કુ. લક્ષ્મી બી. ડોકટર, કુ. ક્રિષ્ના આર. વિરડીયા.

## સ્પર્ધા

કે.પી. ઈવનીંગ કોમર્સ કોલેજ, સુરતના વિદ્યાર્થી કું. અકીત બી. રમેશવાલાએ કૃભ્કો ખાતે યોજાયેલ કલસ્ટર મીટ લોન ટેનીસ ટુર્નામેન્ટમાં ઓફીસીયલ સેવા બજાવી હતી.

શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડની કુ. કૃતિકા પરદેશી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી તરફથી ઓલ ઈન્ડિયા વેસ્ટ ઝોન બેડમિન્ટન ટુર્નામેન્ટ કે જે જબલપુર ખાતે યોજાઈ હતી. તેમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો અને મેંગ્લોર ખાતે યોજાયેલ ઓલ ઈન્ડિયા

ઈન્ટર યુનિવર્સિટીમાં તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો છે. કુ. કૃતિકાની આ સિધ્ધિ માટે ગુજરાતના ગવર્નરના હસ્તે ગોલ્ડ મેડલ અર્પણ કરવામાં આવ્યો હતો. અભિનંદન.

૨૦૧૦-૧૧ દરમ્યાન કે.પી. ઈવનીંગ કોમર્સ કોલેજ, સુરતના વિદ્યાર્થીઓએ અમદાવાદ ખાતે યોજાયેલ સ્ટેટ બોક્ષિંગ ચેમ્પીયનશીપમાં ગ્યાનવાલી દીલબહાદુરે ૬૪ વેઈટગ્રુપમાં ફાઈનલ ચેમ્પીયન થઈ ગોલ્ડમેડલ મેળવ્યો અને નેશનલ લેવલે પસંદગી પામ્યા હતા. સ્ટેટ પાવરલિફ્ટીંગ ટુર્નામેન્ટમાં કંસારા પાર્થ એ ૬૭ વેઈટગ્રુપમાં બીજો ક્રમાંક પ્રાપ્ત કર્યો. તેમજ દેહરાદુન ખાતે યોજાયેલ થર્ડ નેશનલ કીક બોક્ષિંગ ચેમ્પીયનશીપમાં બુર્ઝિન તોડીવાલા એ ૭૦ના વેઈટગ્રુપમાં સિલ્વર મેડલ મેળવ્યો. યુનિવર્સિટી કક્ષાએ ભાટીયા ધવલ આર. એ યુનિવર્સિટી ચેસ ટીમમાં પસંદગી પામ્યા તેમજ ભરૂચ ખાતે યોજાયેલ ટેબલ ટેનિસમાં યુનિવર્સિટી સિલેકશન ટ્રાયલમાં દેસાઈ ભાવીન બીજા ક્રમાંક પર યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામ્યા તેમજ કે.પી. ઈવનીંગ કોમર્સ કોલેજ ખાતે યોજાયેલ કુસ્તી સિલેકશન ટ્રાયલમાં વ્યાસ હિતાર્થ ૯૬ વેઈટ કેટેગરીમાં ફાઈનલ વિજેતા થઈ યુનિ. ટીમમાં પસંદગી પામ્યા તેમજ યુનિવર્સિટી કક્ષાએ યોજાયેલ બોક્ષિંગ ટુર્નામેન્ટમાં ભાટીયા ધવલ, શેઠ નિશિથ, તોડીવાલા બુર્ઝિનનો બ્રોન્ઝ મેડલ આવ્યો અને હાલમાં યોજાયેલ બાસ્કેટબોલ (ભાઈઓ) ટુર્નામેન્ટમાં ધીવાલા રાજ યુનિવર્સિટી ટીમમાં તેમજ ભટ્ટ તેજસ યુનિ. સ્ટેન્ડ બાય પ્લેયર તરીકે પસંદગી પામ્યા હતા. પસંદગી પામેલા રમતવીરો ગોવા, જોધપુર, જયપુર અને દિલ્હી મુકામે યુનિવર્સિટી ટીમનું પ્રતિનિધિત્વ કરશે.

કે.પી. ઈવનીંગ કોમર્સ કોલેજ, સુરત ખાતે યોજાયેલ આંતરકોલેજ બાસ્કેટબોલ (ભાઈઓ)ની સ્પર્ધામાં કુલ ૧૭ કોલેજોએ ભાગ લીધો હતો. ફાયનલમાં સુરતની એસ.પી.બી. કોલેજ વિજેતા થઈ હતી અને સ્મીમેર મેડીકલ કોલેજ રનર્સઅપ થઈ હતી. ટુર્નામેન્ટના ઈનામ વિતરણ સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે યુનિવર્સિટી શા.શિ.ના ડાયરેકટર શ્રી ડેવિડ પોલના હસ્તે વિજેતાઓને ટ્રોફિ તેમજ કે.પી. ઈવનીંગ કોમર્સ કોલેજના ઈન્ચાર્જ પ્રિ. બંટી કે. શાહના હસ્તે રનર્સઅપ ટીમને ટ્રોફીઓથી નવાજવામાં આવ્યા હતા. કે.પી. કોમર્સ કોલેજના જીમખાના ચેરમેન પ્રા. અજીતભાઈ નાયકના હસ્તે બેસ્ટ પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ સ્મીમેર કોલેજના વિદ્યાર્થી પ્રયાસને ટ્રોફી એનાયત કરી હતી.

તા. ૧૩-૦૯-૨૦૧૦ના રોજ ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન (એમ.એડ્.), વેસુ ખાતે 'જે કૃષ્ણમૂર્તિનું જીવન અને કાર્ય તેમજ શ્રી ગુરૂ ચરણે પુસ્તકનું વિવેચન' વિષય સંદર્ભે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. બી.એડ્. કોલેજના પ્રા. ડૉ. અનિલભાઈ સિંગ અને એમ.એડ્.ના શ્રી જીજ્ઞેશભાઈ કંથારીયાએ નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી. આ સ્પર્ધામાં વિજેતા તરીકે : ૧. રોહિત ટંડેલ - પ્રથમ. ૨. અર્પિતા નાયક - દ્વિતીય, ૩. (અ) પંચાલ પૂનમ - તૃતીય (બ) યાદવ દમયંતી રહયા હતા.

જે.પી, પારડીવાલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, કિલ્લા પારડીમાં એસ.સી./એસ.ટી.ના ઉપક્રમે યોજાયેલ ભજન સ્પર્ધામાં કુલ ૩૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ - કુ.પટેલ શ્રધ્ધા આર., બીજો - કુ. પટેલ ચેતા, ત્રીજો - કુ. પટેલ નિમિષા કે. અને આશ્વાસન ઈનામ તરીકે રિઝવાનાં મોહમદ ખલીલ આવ્યાં હતાં. કાર્યક્રમની શરૂઆતમાં એસ.સી./એસ.ટી.ના ઉપપ્રમુખ પ્રા. સી.એમ. ગામીતે સેલની કામગીરી અંગે ચર્ચા કરી અને ભજનનું મહત્વ સમજાવ્યું હતું.

યુનિવર્સિટીની આંતર કોલેજ, ક્રોસ કન્ટ્રી દોડ બી.બી. અવિચલ આર્ટસ અને કોમર્સ કોલેજ માંડવી ખાતે યોજાઈ હતી જેમાં આર્ટસ અને કોમર્સ કોલેજ વ્યારાની ટીમ ભાઈઓના વિભાગમાં ચેમ્પિયન બની હતી અને બહેનોના વિભાગમાં ટીમ રનરસઅપ બની હતી. ઓલઈન્ડિયા આંતર યુનિવર્સિટી સ્પર્ધા માટે વ્યારા કોલેજના ચાર (૪) ભાઈઓ ખેલાડી અને ત્રણ બહેનો ખેલાડી યુનિવર્સિટીની ટીમમાં પસંદગી પામ્યા છે યુનિવર્સિટીમાં આર્ટસ અને કોમર્સ કોલેજ વ્યારાના વિદ્યાર્થી ઉમેશ જી. કુવરે ૧૨.૫ કિલોમીટરનું અંતર ૪૨ મિનીટમાં પુરૂ કરી પ્રથમક્રમ પ્રાપ્ત કર્યો હતો.

ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન (એમ.એડ્.), સુરત તથા ભગવાન મહાવીર પોલીટેકનીકના સંયુકત ઉપક્રમે ગણેશોત્સવની ઊજવણી પ્રસંગે ભજન સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં પ્રથમ-દશપુત્રે નિધી, દ્વિતીય-સુરતી સોનું, તૃતીય-અગ્રવાલ અર્ચના, વિજેતા ઘોષિત થયાં.

## આરોગ્ય


સી.એન. કોઠારી હોમિયોપેથિક કોલેજ, વ્યારા સંલગ્ન છોટાલાલ વિરચંદ સોલંકી પેરિફરલ ડીસ્પેન્સરી અંતર્ગત સીંગી ફળીયુ અને ઈન્દુનાં દર્દીઓ માટે વિના મુલ્યે હોમિયોપેથિક દવાખાનાનું ઉદ્‌ઘાટન પ્રિન્સીપાલ ડૉ. જયોતિ રાવ તથા દૂધમંડળીનાં પ્રમુખ શ્રી મણીલાલ ભુલજીભાઈ ગામીતના વરદ હસ્તે તા. ૩૧-૮-૧૦ના રોજ દુધમંડળી ઈન્દુ ખાતે કરવામાં આવ્યું. ઉદ્‌ઘાટનના દિવસે મોટી સંખ્યામાં દર્દીઓએ લાભ લીધો હતો. આ દવાખાનું દર મંગળવારે ૨.૪૫ થી ૪.૪૫ સુધી દૂધમંડળી ઈન્દુ ખાતે નિયમિત કાર્યરત રહેશે તો સર્વે દર્દીઓને લાભ લેવા જણાવવામાં આવે છે.

સ્વર્ણિમ ગુજરાત અન્વયે સપ્તધારા સમુદાય સેવાધારા અંતર્ગત જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી. દેસાઈ કોલેજ અમરોલીનાં એન.એસ.એસ. વિભાગ અને ફેમિલિ ફિઝિશ્યન એસોસીએશન સુરત અને અમરોલી મેડીકલ સર્કલનાં સંયુકત ઉપક્રમે કોલેજમાં "આંખની મફત તપાસ" અને "રાહત દરે ચશ્મા વિતરણ કાર્ય" તથા હાઈબ્લડ પ્રેશર અને ડાયાબીટીશનાં દર્દીઓ માટે એક મેડીકલ કેમ્પ તા. ૨૨-૮-૨૦૧૦ના રોજ યોજાયો હતો. જેમાં લગભગ ૬૦ દર્દીઓએ ભાગ લીધો હતો.


## પ્રકાશન



શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરાના પ્રા. વિનય એન. પટેલનું 'સંસ્કૃત પધ્ધતિ અને વિષયવસ્તુ' પુસ્તક ઓગષ્ટ-૨૦૧૦માં પ્રસિધ્ધ થયેલ છે. મૂલ્ય રૂા ૧૬૫=૦૦/-




એમ.ટી.બી. આર્ટસ કોલેજ, સુરતના કાર્યકારી આચાર્યશ્રી ડૉ. મધુકર પાડવીનું साहित्य चिन्तम् समीक्षा और शोध પુસ્તક પ્રકાશિત થયેલ છે.



ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન, એમ.એડ્. સુરતના પ્રા. નિહારિકા પટેલ, શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશનના પ્રા. અખિલેશ નાયક, શ્રી એમ. કે. મહેતા કોલેજ ઓફ એજયુકેશન, ઉમરગામના પ્રા. જિતેન્દ્ર બી. પટેલ, પ્રા. દિનેશભાઈ કે. પટેલ તથા શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરાના ડૉ. મનસુખભાઈ એન. પટેલ કૃત "શૈક્ષણિક પ્રૌદ્યોગિકી અને શાળાવ્યવસ્થાપનના તત્ત્વો" પુસ્તકનું કુલપતિશ્રી ડૉ. બી. એ. પ્રજાપતિના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.

# વાચન વિશેષ

## પુસ્તક પરિચય

**University Handbook. 32nd edition.** (AIU members) New Delhi : Association of India Universities. January 2010. ISBN 81-7520-110-x, price Rs. 4000

આ હસ્તપુસ્તિકામાં એ.આઈ.યુ.ની સભ્ય થયેલ યુનિવર્સિટીઓ અને રાષ્ટ્રિય મહત્વ ધરાવતી અને શૈક્ષણિક સંસ્થાઓની જાન્યુઆરી ૨૦૧૦ સુધીની વિગતવાર માહિતી આપવામાં આવેલી છે. તદ્પરાંત Index પૃષ્ઠ નંબર ૧૫૮૭ થી ૧૬૨૪ સુધી આપવામાં આવેલ છે. જેના ઉપયોગથી ઉપયોગકર્તા જે તે સંસ્થાની ઈચ્છે તે માહિતી સત્વરે મેળવી શકે છે. દેશનાં બધાં જ રાજયોની યુનિવર્સિટીઓ અને રાષ્ટ્રિય મહત્વ ધરાવતી સંસ્થાઓની રાજય પ્રમાણે અલગથી દર્શાવવામાં આવેલ છે જેનાથી ઉપયોગકર્તાને ત્વરિત માહિતી મળી શકે છે. તદપરાંત રાજયની યુનિવર્સિટીઓ-૨૪૦, ડીમ્ડ યુનિવર્સિટીઓ-૧૩૦, રાષ્ટ્રિય મહત્વ ધરાવતી સંસ્થાઓ-૩૩, પ્રાઈવેટ યુનિવર્સિટીઓ-૪૯, સેન્ટ્રલ યુનિવર્સિટીઓ-૪૦ અને રાજયના કાયદા અંતર્ગત સ્થપાયેલી સંસ્થાઓ-૫ મળી કુલ ૪૯૭ સંસ્થાઓનો ડેટાબેસ આ ગ્રંથમાંથી સરળતાથી ઉપલબ્ધ થાય છે.

સંસ્થાઓની વિગતવાર માહિતીમાં : - સંસ્થાનું નામ, તેનું સ્ટેટસ, સ્થાપના વર્ષ, સરનામું, ફેકસ નંબર, ટેલીફોન નંબર, વેબસાઈટ એડ્રેસ, ઈ-મેઈલ એડ્રેસ, ચાન્સેલર, વાઈસ ચાન્સેલર, પ્રો વાઈસ ચાન્સેલર, રજીસ્ટ્રાર, ગ્રંથપાલનું નામ, વિદ્યાશાખાના ડીન, તદ્પરાંત : સંસ્થાનો પરિચય અને, -Jurisdiction, -Library, -Laboratories/Research, -Computer Orientation, -Budget Estimates, -Scholarships and Fellowships, -Private Studies, -Academic Year, -Special Features, -Course of Study, -Teachers of the University, -Constituent Collegesની વિગતવાર માહિતી આપણને ઉપલબ્ધ થાય છે.

ભારતમાં આવેલી યુનિવર્સિટીઓ અને રાષ્ટ્રિય મહત્વ ધરાવતી સંસ્થાઓની માહિતી મેળવવા માંગતા સૌ કોઈને આ એક અતિ અગત્યનો અધિકૃત સંદર્ભ સ્ત્રોત છે. જેના થકી ઉપયોગકર્તા ઈચ્છિત માહિતી ત્વરિત મેળવી શકે છે. આ ગ્રંથની અનુક્રમણિકામાં અંગ્રેજી અક્ષર પ્રમાણે સંસ્થાઓની ગોઠવણી કરવામાં આવેલી છે અને તેની સાથે પૃષ્ઠ ક્રમ પણ આપવામાં આવેલ છે જેના થકી માહિતી મેળવનારનો સમય બચે છે. આ ગ્રંથમાં ૩૪૧ યુનિવર્સિટી કક્ષાની સંસ્થાઓનો સશકત ડેટાબેસ સામેલ છે. આ સિવાય ત્રણ એસોસિએટ સભ્યો-કાઠમંડુ યુનિવર્સિટી, નેપાલ, યુનિવર્સિટી ઓફ મોરિશિયસ, મોરેશિયસ અને રોયલ યુનિવર્સિટી ઓફ ભૂતાનનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. આ ગ્રંથનું સૌથી અગત્યનું પાસું એ રહયું છે કે તેની પ્રસ્તાવનામાં આ ગ્રંથમાં ઉપયોગકર્તાને શું ડેટા ઉપલબ્ધ થશે તેની માહિતી, ભારતમાં ઉચ્ચશિક્ષણનો વિકાસ, પ્રણાલી, માળખું, યુનિવર્સિટીઓ, દૂરવર્તી શિક્ષણ, સરકારી અને સ્વતિત્ત કોલેજો અને યુનિવર્સિટી સંલગ્ન કોલેજો, ચલાવવામાં આવતા અભ્યાસક્રમો, પ્રવેશ, શૈક્ષણિક કેલેન્ડર, પરીક્ષા પધ્ધતિ, અભ્યાસક્રમનું માધ્યમ, યુનિવર્સિટી પ્રશાસન, નીતિ, સત્તામંડળો, વિવિધ સંસ્થાઓની ટૂંકમાં માહિતી, અગિયારમો પ્લાન, ઉચ્ચશિક્ષણમાં ગુણવત્તા, વિદ્યાર્થીઓને આપવામાં આવતી સેવાઓ જેવી વિવિધ બાબતોનો સશકત અને અધિકૃત ડેટાબેઝ આ ગ્રંથમાં ઉપલબ્ધ છે. ગુજરાતની કુલ ૨૭ યુનિવર્સિટીઓનો ડોટાબેસ ઉપલબ્ધ છે. આ ગ્રંથને A.I.U. ૧૯૨૭થી દર વર્ષે પ્રસિધ્ધ કરે છે.

બી.જે. અંકુયા, આસિસ્ટન્ટ લાઈબ્રેરિઅન

## સફળતા

જયારે મનુષ્ય એક માર્ગના છેડે પહોંચે છે અને પોતાની સમક્ષ વિશાળ ક્ષિતિજ નિહાળે છે, અને એની આગળ પડેલી અનંતતાથી તે સભાન છે, ત્યારે સ્વાભાવિક રીતે જ તે તેની પાછળ પડેલા માર્ગ તરફ જોવા પાછળ દ્રષ્ટિપાત કરે છે. જે માર્ગે તે આવ્યો હોય છે તેના ઘણા વળાંકો તેને યાદ હોય છે, કે જે વળાંકો તેણે લીધા હોય અને બીજા જે તે ચૂકી ગયો હોય. તેને ચડેલો થાક, અંતરની વેદનાઓ તથા આત્મોન્નતિની ક્ષણો પણ તેને યાદ આવે છે. પોતે ગુમાવી દીધેલી તકોનો પણ તેણે વિચાર કરવો જોઈએ, જે સ્વપ્નો અમૂર્ત રહયાં હોય, અને જે વિચારો અવ્યકત રહયા હોય તેમનો તેણે વિચાર કરવો કરવો રહયો... આવી ક્ષણે જ મનુષ્ય પોતાની જાતને પૂછે છે કે જીવને એને કોઈ પાઠ ભણાવ્યા છે કે નહિ... અથવા તો અસ્તિત્વ માટેનો પ્રયાસ જ એટલો પરિશ્રમભર્યો બની ગયો છે કે એમાં કોઈ જ શાશ્વત અને ચિરસ્થાયી તત્વ ટકી રહયું નથી... જીવનમાંથી આપણને ધીરગંભીર બનાવે એવું ચિંતન પ્રાપ્ત થવું જોઈએ કે **જે કોઈ સફળતા સાધી છે તેમાં સંયોગોએ મોટો ભાગ ભજવ્યો છે... જે સિદ્ધિ કે કીર્તિ ઉપલબ્ધ થયાં હોય તેને માટે સ્વશકિતને કારણભૂત માનવી એ તો માનવીનું ચોખ્ખું મિથ્યાભિમાન જ છે. ઘણી વાર તો સંજોગો જ મનુષ્યને ઘડે છે. સફળતા શકય બનાવે તેવા સંજોગો ઘડવાની શકિત માણસમાં હોય એ બહુ વિરલ વસ્તુ છે.**

એમ.સી. ચાગલા

જિંદગીએ મને શીખવ્યું છે કે તક મળે ત્યારે બીજાઓની સેવા કરવી, કોઈનું બૂરું ન કરવું. બીજાઓના ભોગે કાંઈ પણ મેળવવું નહિ અને જરૂર પડયે બીજાઓને થતી હાનિ કે ઈજા અટકાવવા જાતે હાનિ કે ઈજા વહોરી લેવાં તેમાં જ મૂળભૂત ધર્મનો સમાવેશ થાય છે.

મોરારજી દેસાઈ

હું જન્મ્યો એનો મને આનંદ છે, મેં આટઆટલું દુઃખ વેઠયું તેનો મને આનંદ છે, મેં મોટી મોટી ભૂલો કરી તેનો મને આનંદ છે, શાંતિમાં મેં પ્રવેશ કર્યો તેનો મને આનંદ છે. હું કોઈને બંધનમાં રહેવા દેતો નથી, હું કોઈ બંધન સ્વીકારતો નથી.

સ્વામી વિવેકાનંદ

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

Editor : B J Ankuya, Assistant Librarian

Published by : Shri J R Mehta, Registrar

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 3934179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com